Azadi Ka Amrit Mahotsav

ACPDC
The Admission Commiitee for Professional Diploma Courses (GUJARAT STATE)

એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ

No. ACPDC/2022/518

Date : 18 AUG 2022

## અખબારી યાદી

મેમ્બર સેક્રેટરી ACPDC ની અખબાર યાદી જણાવે છે કે સર્ટીફિકેટ હોલ્ડર ટુ ડિપ્લોમા ઇજનેરીનાં (C to D) બીજા વર્ષમાં સીધા પ્રવેશની પ્રકિયા વર્ષ ૨૦૨૨-૨૩ અંતર્ગત બેઠક ફાળવણીનો બીજો રાઉન્ડ (રીશફ્લીંગ રાઉન્ડ) તા. ૧૮/૦૮/૨૦૨૨ ના રોજ પૂર્ણ થયેલ છે.

- બે રાઉન્ડ બાદ સરકારી/અનુદાનિત સંસ્થાની ૬૬૩૩ બેઠકો અને સ્વનિર્ભર સંસ્થાની ૨૩૫૨૩ બેઠકો ખાલી રહેલ છે. ખાલી બેઠકોની વિગત સમિતિની અધિકૃત વેબસાઇટ www.acpdc.co.in પર ઉપલબ્ધ છે.
- સરકારી/અનુદાનિતની ખાલી રહેલ બેઠકો માટે નિયમ-20 હેઠળની જોગવાઇ મુજબ પ્રવેશની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવા ઉમેદવારની રાઉન્ડ 1 અને 2 માં ભરેલ પસંદગી રદ ગણવામાં આવશે. જેથી આ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ ઉમેદવારોએ સંમતિ આપીને નવેસરથી સંસ્થાની પસંદગી તા. ૧૮/૦૮/૨૦૨૨ થી તા. ૨૩/૦૮/૨૦૨૨ દરમ્યાન કરવાની રહેશે.
- સદર કાર્યક્રમ અંતર્ગત રીઝલ્ટ (સંસ્થા ફાળવણી) તા. ૨૫/૦૮/૨૦૨૨ ના રોજ જાહેર કરવામાં આવશે.
- સદર કાર્યક્રમ અંતર્ગત ફાળવવામાં આવેલ પ્રવેશ કાયમ કરવા તા. ૨૫/૦૮/૨૦૨૨ થી તા. ૨૯/૦૮/૨૦૨૨ દરમિયાન ઓનલાઇન ફી ભરવાની રહેશે.
- જો આ કાર્યક્રમમાં પ્રવેશ ફાળવણી થશે તો અગાઉનો પ્રવેશ આપોઆપ કેન્સલ થશે જે ધ્યાને લેવુ અને આ કાર્યક્રમમાં પ્રવેશ ફાળવણી નહિ થાય તો અગાઉનો કાયમ કરેલ પ્રવેશ ચાલુ રહેશે.
- સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી રહેલ બેઠકો ની વિગત સમિતિ ની અધિકૃત વેબસાઈટ www.acpdc.co.in અને https://gujdiploma.admissions.nic.in/ પર ઉપલબ્ધ છે. તેમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ જે તે સ્વનિર્ભર સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે.

A.C.P.D.C. Ahmedabad

મેમ્બર સેક્રેટરી